જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૫/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૪૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૭૦	૧	૧૧૪૭૧	૧૭૫૮૯	૧	૧૭૫૯૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૧	૧	૮૨	૨૯૫	૧	૨૯૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૫૩૭૦	૩૯૦	૪૫૭૬૦	૪૬૨૧૬	૩૬૧	૪૬૫૭૭
કુલ		૬૧૬૨૯	૩૯૨	૬૨૦૨૧	૭૦૩૪૩	૩૬૩	૭૦૭૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૬	૧,૪૬,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૮૫	૧૮,૮૫,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન :

લોખંડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ત્રણ ઇસમોને ઝડપી લેતી સર્વેલન્સ સ્કોડ ટીમ શાહપુર પોલીસ સ્ટેશન

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ પોકેટકોપ મોબાઇલ, CCTV કેમેરાના માધ્યમથી તથા CDR એનાલીસીસ કરી શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ. એસ.આર.બલાત સર્વેલન્સ સ્કોર્ડની ટીમ સાથે પો.સ્ટે. વિસ્તારમાં મિલ્કત વિરુધ્ધના વણ શોધાયેલ ગુન્હા શોધવા બાબતે સઘન પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ.ઈ એસ.આર.બલાત તથા અનાર્મ લોકરક્ષક અક્ષયકુમાર દશરથલાલ બ.નં-૧૨૮૫૬ તથા અ.પો.કો. જીતેશકુમાર રમેશભાઈ બ.નં-૬૫૦૩ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે હલીમની ખડકી, ભાવસાર ચોક પાસેથી શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨ ૧૦૫૩૨/૨૦૨૧ ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબના કામે ચોરી કરવામાં વાપરેલ ઓટો રીક્ષા નં.GJ-27-U-1587 નાની સાથે આરોપીઓ (૧) રવિ ઉર્ફે રાહુલ સ/ઓ સુરેશભાઈ વછેટા ઉ.વ.૨૨ ધંધો-રિ.ડ્રા. રહે-ગલાજી ની ચાલી નં.૩, દુધેસ્વર રોડ, માધવપુરા, અમદાવાદ શહેર તથા (૨) નરેશ સ/ઓ વાલજીભાઈ પરમાર ઉ.વ.૨૪ ધંધો-છુટકમજુરી રહે- ગલાજી ની ચાલી નં.૩, દુધેસ્વર રોડ, માધવપુરા, અમદાવાદ શહેર તથા (૩) ચીરાગ સ/ઓ કનુભાઈ કાનજીભાઈ વાઘેલા ઉ.વ.૨૪ ધંધો.નોકરી રહે.બ્લોક નં.૪,શાહપુર મ્યુ.હેલ્થ સ્ટાફ કવાટર્સ,માસ્ટર પેટ્રોલ પંપની પાછળ, માધવપુરા, અમદાવાદ શહેર નાઓને લોખંડની ચોરી કરવામાં વાપરેલ ઓટો રીક્ષા નં.GJ-27-U-1587 કિ.રૂ.૬૦,૦૦૦/- ની તપાસના કામે કબ્જે કરી મજકુર આરોપીઓને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

(૧) પો.સ.ઈ. શ્રી એસ.આર.બલાત (૨) મ.સ.ઈ રણજીતસિંહ તખતસિંહ (૩) અ.હે.કો. જાવેદખાન અખ્તરખાન (૪) અ.પો.કો. જીતેશકુમાર રમેશભાઈ (૫) અ.લો.ર. અક્ષયકુમાર દશરથલાલ (૬) અ.પો.કો. યુનુસખાન મુનાવરખાન (૭) અ.પો.કો. શૈલેશભાઈ ગોવીંદભાઈ (૮) અ.પો.કો. રવિન્દ્રકુમાર હદયરામ (૯) અ.લો.ર. વનરાજ ભરતભાઇ (૧૦) અ.લો.ર. હરપાલભાઈ દીપસંગભાઈ (૧૧) અ.પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ (૧૨) અ.પો.કો. જીગ્નેશકુમાર ભવાનભાઈ (૧૩) અ.લો.ર. ઇશ્વરભાઇ માલસુરભાઈ

કબુલાત કરેલ ગુન્હો

શાહપુર પો. સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૩૨૧૦૫૩૨/૨૦૨૧ ઈ.પી.કો કલમ-૩૭૯ મુજબ

આરોપીઓ

(૧) રવિ ઉર્ફે રાહુલ સ/ઓ સુરેશભાઈ વછેટા ઉ.વ.૨૨ ધંધો-રિ.ડ્રા. રહે-ગલાજીની ચાલી નં.૩, દુધેસ્વર રોડ, માધવપુરા, અમદાવાદ

(૨) નરેશ સ/ઓ વાલજીભાઈ પરમાર ઉ.વ.૨૪ ધંધો-છુટક મજુરી રહે-ગલાજીની ચાલી નં.૩, દુધેશ્વર રોડ, માધવપુરા, અમદાવાદ

(૩) ચિરાગ સ/ઓ કનુભાઈ કાનજીભાઈ વાઘેલા ઉ.વ.૨૪ ધંધો.નોકરી રહે.બ્લોક નં.૪,શાહપુર મ્યુ.હેલ્થ સ્ટાફ કવાટર્સ,માસ્ટર પેટ્રોલ પંપની પાછળ, માધવપુરા, અમદાવાદ



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

ચોરી કરેલ એકટીવા સાથે બે આરોપીઓને પકડી દાણીલીમડા પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો.જગમાલભાઈ વાલાભાઈ બ.નં.૬૧૯૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે "બે ઇસમો જેમા એકે શરીરે કાળા કલરનુ શર્ટ તથા ડાર્ક ગ્રે કલરનુ લોઅર પહેરેલ છે. તથા બીજા ઈસમે સફેદ તથા કાળા કલરનુ ગોલ લાઈનીંગવાળુ ટી શર્ટ અને કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે જે ઇસમો પોતાના કબ્જામાં એક ગ્રે કલરનુ એકટીવાની ચોરી કરી કે છળકપટથી મેળવી લઈ દાણીલીમડા તરફથી ચલાવી લાવી અત્રે થઈ વટવા તરફ જવાના છે." જે બાતમી હકીકત આધારે વોચમાં રહેતાં આરોપીઓ આસિફ ઉર્ફે બડી મોહંમદ યુસુફ જાતે શેખ ઉ.વ.૨૧ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૦૮, આલ્ફા રેસીડેન્સી, હિમાલયા બેકરીની સામે બેરલમાર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર + ૧ = ૨ નાઓ બાતમી હકિકતમાં જણાવેલ નંબર પ્લેટ વગરના હોન્ડા એકટીવા જેનો એન્જીન નં. JF50E81278543 તથા ચેચીસ નં. ME4JF502KE8279668 નો છે. જેની કિ.રૂ.૨૦૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતાં સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ કરતાં સદર હોન્ડા એકટીવાની ચોરી બાબતે દાણીલીમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. નં.૧૧૧૯૧૦૧૨૨૧૦૬૦૪/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીઓને દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ગુનાના કામે સોપવાની તજવીજ કરી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન : (૧)

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પાલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

અબ્દુલરહીમ સ/ઓ અબ્દુલસમદ મોહમદહુસેન શેખ, ઉ. વ. ૨૦ રહે મ. નં ૨૧૧૫, બ્લોક નં- ૬૭, શ્રીલંકા ચાર માળીયા, ઉમંગ ફ્લેટ પાસે, વટવા ચોકી પાસે, વટવા, અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ૨ એ/૧૧૧૯૧૦૨૯૨૧૩૪૪/૨૦૨૧ ઈ. પી. કો. કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૪૨૭,૧૧૪,તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ (૨) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ૨ એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૫૭૩/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ (એ) ૩ , ૧૧૪ મુજબ (૩) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ૨ નં એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૫૭૪/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ (એ) ૩, ૧૧૪ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં–પીસીબી/ડીટીએન/પાસા/૩૫૫/૨૦૨૧ તા. ૧૩/૦૫/૨૦૨૧ તથા બજવણી તા. ૧૩/૦૫/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે :- ભુજ પાલારા જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ શ્રી ડી બી પલાસ તથા હે કો ચંદ્રસિંહ લાખુભા બ નં ૫૮૮૯ તથા પો કો રાજુભાઇ રાહાભાઇ બ નં ૧૦૫૮ તથા પો કો જયેશભાઇ પાલાભાઇ બ.નં. ૧૩૮૦



ઓઢવ પોલીસ સ્ટેશન : (૨)

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

એજાજઅલી સ/ઓફ શોકતઅલી બાબુભાઇ શેખ, ઉ. વ. ૨૧, રહે લાલમીલના છાપરા, ચકુડીયા મહાદેવની પાછળ, રખિયાલ, અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ૨ એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૫૭૩/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯ (એ) ૩ , ૧૧૪ મુજબ (૨) ઓઢવ પોસ્ટે ફસ્ટ ગુ ૨ નં એ/૧૧૧૯૧૦૩૭૨૧૦૫૭૪/૨૦૨૧ ઇ પી કો કલમ ૩૭૯ (એ) ૩, ૧૧૪ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૩૫૪/૨૦૨૧ તા. ૧૩/૦૫/૨૦૨૧ તથા બજવણી તા. ૧૩/૦૫/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા હે કો ચંદ્રસિંહ લાખુભા બ નં ૫૮૮૯ તથા પો કો રાજુભાઇ રાહાભાઇ બ નં ૧૦૫૮ તથા પો કો જયેશભાઇ પાલાભાઇ બ.નં. ૧૩૮૦



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૪૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૮૪૫/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ ભાવિકાબહેન વા/ઓ શ્રેયાન્સ બાવિસી (ઉ.વ.૪૦) (રહે. સવિતા ગોવિંદ પ્લાઝા એનઆરઆઈ ટાવર પાસે જજીસ બંગલો રોડ બોડકદેવ) એ તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૧ થી તા.૨૨/૦૪/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર +૧(૫૮૬)૭૩૭૫૬૭૭, ૭૮૫૪૯૦૦૩૪૦, ૯૪૩૨૭૦૭૫૦૩ અને ૯૪૦૫૩૦૨૧૭૬ ના ધારકોએ ભાવિકાબહેનને ફોન કરી આકાશ વર્મા નામ જણાવી ભાવિકાબહેનને કે.બી.સી.માં લોટરી લાગેલ હોવાની વાત કરી પોતે બેંક ઓફ બરોડામાંથી વાત કરતા હોવાનુ કહી વિશ્વાસમાં લઈ લોટરીના પૈસા જમા કરાવવાના બહાને ભાવિકાબહેનના મોબાઇલમાં લીંક મોકલી તે લીંક અલાઉ કરાવી લોટરીની પ્રોસેસ માટે ભાવિકાબહેનના ખાતામાંથી અલગ-અલગ રકમ મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- ઓનલાઇન ટ્રાનસફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

સાબરમતીઃ સતિષભાઇ મંગળભાઇ પટેલ (ઉ.વ.૩૭) (રહે. ઋતુ બંગ્લોઝ ન્યુ રાણીપ સાબરમતી) એ તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સતિષભાઈએ પોતાના સબંધીની કાર વેચવા માટે ઓએલએક્સ એપ્લીકેશન ઉપર મુકી હતી. જે કાર વેચાણ લેવા માટે તા.૧૧/૦૫/૨૦૨૧ રાતના ૮/૨૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૬૩૫૨૮૮૫૨૨૨ ના ધારકે સતિષભાઈનો સંપર્ક કરી દિલીપભાઇ પટેલ નામ જણાવી પોતે દલાલી હોવાની ઓળખ આપી કાર વેચાણ કરી આપવાનો વિશ્વાસ આપી સતિષભાઈ પાસેથી મારૂતી સુઝુકી સ્વીફ્ટ કાર નંબર જીજે ૦૧ કેસી ૦૪૩૩ કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- લઈ જઈ ગાડીના પૈસા કે ગાડી પરત નહી આપી મોબાઈલ ફોન બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

બાપુનગરઃ હોટીલાલ નેત્રપાલસિંગ જાટવ (ઉ.વ.૩૯) (રહે. ચંપાબેનની ચાલી નાગરવેલ હનુમાન મંદીર સામે અમરાઈવાડી) એ તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે હોટીલાલના મોબાઈલમાં ફોન પે એકાઉન્ટમાંથી ૧૦૦૦ રૂપિયા ટ્રાન્સફર થયાનો મેસેજ આવતા હોટીલાલ જાટવે ગુગલમાંથી કસ્ટમર કેર નંબર મેળવી સંપર્ક કરતા સંપર્ક થયો ન હતો. ત્યારબાદ મોબાઈલ નંબર ૬૨૯૭૮૪૭૮૯૩ ના ધારકનો હોટીલાલના મોબાઈલ પર ફોન કરી જણાવેલ કે "બોલો સાહેબ શુ તકલીફ થઈ" તેમ કહેતા હોટીલાલએ જણાવેલ કે મારા ફોન પે ના એકાઉંટ માંથી રૂપિયા ૧૦૦૦/- કેમ કપાયેલ છે, જેથી મોબાઇલ ધારકે તપાસ કરવાનુ કહી હોટીલાલને તેમના મોબાઈલ ફોનમા એક એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ઓટીપી નંબર મેળવી લઈ તે એપ્લીકેશન ડીલીટ કરાવી હોટીલાલના ફોન પે એકાઉન્ટ માંથી રૂપિયા ૯૬,૯૭૮/- ઓનલાઈન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૮૪૬/૨૦૨૧**

દાણીલીમડાઃ આકીલ મોહંમદહુસેન સૈયદ (રહે. અલસજર ફ્લેટ રોશન પાર્ક સામે પટેલનુ મેદાન દાણીલીમડા) એ તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૧ કલાક ૭/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની વિંટી કિમત રૂપિયા ૮૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૪ કિમત રૂપિયા ૨૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૮૪૭/૨૦૨૧**

નવરંગપુરાઃ શીલનભાઇ મુદ્રીકભાઉ શાહ (રહે.જાગૃતી બંગલો અંકલ સેમ પીઝા સામે સ્વસ્તિક ચાર રસ્તા નવરંગપુરા) એ તા.૧૩/૦૫/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૧ સાવરના ૭/૦૦ થી તા.૦૯/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા ચાર રસ્તા તથા સી.એ.સર્કલ ચાર રસ્તા ખાતે લગાવેલ જંકશન બોક્ષની અંદરના કેમેરા કંટ્રોલ કરવા માટેના પાવર તથા કેમેરા કંટ્રોલ કરવાના સાધનો તેમજ કેબલ મળી કુલ કિમત રૂપિયા ૧,૨૮,૬૧૫/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

સોનાની માળા ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૮૪૮/૨૦૨૧**

વાસણાઃ આશિષભાઇ મુકુદરાય માધુ (ઉ.વ.૪૫) (રહે. કુંદન ટેનામેન્ટ કંકાવટી ફ્લેટ સામે પી.એન્ડ.ટી કોલોની રોડ વાસણા) તા.૧૩/૦૫/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે નિવાસ ફ્લેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ આશિષભાઈના ગળામાંથી સોનાની રૂદ્રાક્ષ માળા પેડલ સાથે કિમત રૂપિયા ૯૯,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આશિષભાઇ માધુએ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૮૪૯/૨૦૨૧**

સેટેલાઈટઃ હેમીનભાઇ કાંતીલાલ કોન્ટ્રાકટર (રહે. નીના સોસાયટી ક્ષેયસ ક્રોસીંગ આંબાવાડી) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૫/૨૦૨૧ સવારના ૧૧/૦૦ થી રાતના ૯/૧૫ વાગ્યા દરમ્યાન સેનીના સોસાયટીના મેઇન ગેટની બહાર પાર્ક કરેલ પોતાની કાર નંબર જીજે ૦૧ ઈટી ૫૭૨૨ કિમત રૂપિયા ૧,૬૮,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.પ્રજાપતિ ચલાવે છે.

ભેખળ નીચે દટાઈ જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૮૫૦/૨૦૨૧**

નારોલઃ ભરતભાઇ ગલસિંગ બારીયા (ઉ.વ.૩૫)(રહે.વાસણા બેરેજ પાસે છાપરામાં રાજયસ સીટી સામે વાસણા મુળ વતનઃ ગામઃ વડલા તા.કુશલગઢ જી.બાસવાડા રાજસ્થાન) તા.૧૩/૦૫/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા નારોલ ગ્યાસપુર થી પીપળજ જતા રોડ ઉપર છાપરાં સામે આવેલ ખાડામાં માટી ખોદતા હતા દરમ્યાન ભેખળ ધસી પડતા ભેખળ નિચે દટાઇ જતાં તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૮૫૧/૨૦૨૧**

ચાંદખેડાઃ હીરલબહેન રામકિશન વર્મા (ઉ.વ.૧૮)(રહે.ગોગાનગરમની ચાલી વેલજીભાઇનો કુવો મોટેરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૫/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એસ.એમ.એસ.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૫/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

શાહીબાગઃ યોગેશ ઇશ્વરજી ભીલ (ઉ.વ.૩૦) (રહે.કુબેરપુરા ભીલવાસની ચાલી અસારવા ઓવરબ્રીજ પાસે અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૦૨૧ કલાક ૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિહ સુરાજી ચલાવે છે.

ખોખરાઃ અજયભાઇ રાકેશભાઇ પટેલ (ઉ.વ.૨૮)(રહે.આરતીનગર વિભાગ-૧, હાટકેશ્વર ડેપો પાછળ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

અમરાઇવાડીઃ જયશ્રીબહેન વા/ઓ છગનભાઇ સોલંકી (ઉ.વ.૨૬)(રહે.ચામુંડાનગર સ્વસ્તિક ચાર રસ્તા પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૫/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૦૫/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

નિકોલઃ મેહુલભાઈ ગોરધનભાઈ સોરઠીયા (ઉ.વ.૩૦)(રહે.એરિસ હાઇટસ સુર્ય ફ્લોરા બંગ્લોઝની બાજુમા અષ્ટમંગલ રેસીડન્સી સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યા પહેલા દાસ્તાન સર્કલથી ટોરેન્ટ પાવર રીંગ રોડ સર્વિસ રોડ ઉપર પોતાની ગાડીમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને પરીખ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ક્રીપાલસિહ વજુભા ચલાવે છે.

ઇસનપુરઃ (૧) રામીબહેન વા/ઓ મનજીભાઇ સોલંકી (ઉ.વ.૮૫)(રહે.બબા પટેલની ચાલી હિરાભાઇ ટાવર પાસે ઇસનપુર) એ બિમારીથી કંટાળી તા.૧૩/૦૫/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

ઇસનપુરઃ (૨) જયમિતભાઇ ધનંજયભાઇ પંડિત (ઉ.વ.૪૬) (રહે.સત્યપંથ સોસાયટી કેનાલ રોડ ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી